# સંસદીય બોર્ડમાંથી અડવાણી-જોષીને અલવિદા

## શિવરાજસિંહ ચૌહાણ અને જેપી નડ્ડાનો ભાજપ સંસદીય બોર્ડમાં સમાવેશ કરાયો

નવી દિલ્હી,તા. ૨૬

ભાજપના જનરેશનલ શિફ્ટની પ્રક્રિયા આજે આખરે પૂર્ણ કરી લેવામાં આવી હતી. ભાજપના સ્થાપક સભ્યો અટલ બિહારી વાજપેયી, એલકે અડવાણી અને મુરલી મનોહર જોશીને સંસદીય બોર્ડમાંથી પડતા મુકી દેવામાં આવ્યા હતા. ભાજપના સર્વોચ્ચ નિર્ણય લેતા બોર્ડ સંસદીય બોર્ડમાંથી આ ત્રણેયને પડતા મુકવામાં આવતા વરિષ્ઠ નેતાઓમાં ચર્ચાનો દોર રહ્યો હતો. ભાજપની ત્રિમૂર્તિ લાંબા સમયથી સક્રિય રહી હતી. આશરે ચાર દશકોથી આ ત્રિમૂર્તિ કામ કરી રહી હતી. ભાજપની આ ત્રિમૂર્તિ હવે નવી પાંચ સભ્યોની માર્ગદર્શક મંડળમાં રહેશે. જે પક્ષને માર્ગદર્શન આપવાનું કામ કરશે. મધ્યપ્રદેશમાં ત્રણ વખત મુખ્યમંત્રી તરીકે ચૂંટાઇ આવેલા શિવરાજસિંહ ચૌહાણ, પક્ષના જનરલ સેક્રેટરી જેપી નડ્ડા ભાજપ સંસદીય બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા છે. નવા નિમવામાં આવેલા અમિત શાહ દ્વારા ભાજપ સંસદીય બોર્ડની રચના કરવામાં આવી છે. શિવરાજસિંહ ચૌહાણની વરણી ખુબ જ મહત્વપૂર્ણ છે. ભાજપની સેન્ટ્રલ ચૂંટણી કમિટિમાં પણ આ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે જે ચૂંટણીમાં ઉતારવામાં આવતા પક્ષના ઉમેદવારો અંગે નિર્ણય લેશે. ૧૨ સભ્યોના સંસદીય બોર્ડનું નેતૃત્વ હવે અમિત શાહ કરશે. જેમાં નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, વેંકૈયા નાયડુ, નીતિન ગડકરી સહિતના સભ્યો રહેશે. નવા ભાજપ પ્રમુખ અમિત શાહે ભાજપના ટોચના નેતાઓ અને



વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ આ ફેરફાર અંગે શરૂઆત કરી હતી. ભાજપ સંસદીય બોર્ડમાં અસરકારક સભ્યોને આગળ વધારનાર છે. બે પીઢ નેતાઓના નામ ઉપર નવી સરકાર આવ્યા બાદ સત્તામાં પોજીસન અંગે વિચારણા કરવામાં આવી ન હતી. અડવાણી માટે બોર્ડમાંથી બાદબાકી પીછેહઠ સમાન હતી. કારણ કે, નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા બાદથી જ આની સામે અડવાણીએ વાંધો ઉઠાવ્યો હતો. અડવાણીના વફાદારોની એવી દલીલ હતી કે, અડવાણીને લોકસભા સ્પીકરના હોદ્દા માટે સ્પોન્સર કરવામાં આવે તે જરૂરી છે. નવેસરથી એનર્જીની જરૂર ઉભી થઈ છે ત્યારે આ ફેરફાર કરવામાં આવ્યા છે.

કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ટૂંક સમયમાં જ યોજાનાર છે જેમાં જમ્મુ કાશ્મીર, હરિયાણા અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આ ચૂંટણીને ધ્યાનમાં લઈને આક્રમક રણનીતિના ભાગરુપે ભાજપ દ્વારા ધરખમ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. સંસદીય બોર્ડમાંથી વાજપેયી, અડવાણી અને મુરલી મનોહર જોશીને પડતા મુકવામાં આવતા કેટલાક સિનિયર નેતાઓ નાખુશ પણ દેખાઈ રહ્યા છે. સંસદીય બોર્ડમાં અન્ય કેટલાક વરિષ્ઠ નેતાઓ પણ દેખાઈ રહ્યા નથી જેમાં ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાનો પણ સમાવેશ થાય છે જે અગાઉની વાજપેયી સરકારમાં કેન્દ્રીય નાણામંત્રી તરીકે હતા. હવે નરેન્દ્ર મોદી સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થામાં સર્વોપરી રહેશે જ્યારે અમિત શાહ મુખ્ય ભૂમિકા અદા કરશે.

# મોદી સાથે જાપાન યાત્રામાં ટોચના ઉદ્યોગપતિઓ હશે

બેંગલોર,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે જાપાનની ઐતિહાસિક યાત્રા પર રવાના થઈ રહ્યા છે. આ યાત્રા દરમિયાન અનેક ઐતિહાસિક પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવનાર છે. જાપાન સાથે ભારતના સંબંધો પહેલાથી જ મજબુત રહ્યા છે. ખાસ કરીને મોદીના સંબંધો જાપાન સાથે રહેલા છે. કારણ કે ગુજરાતમાં જાપાનની અનેક કંપનીઓ સક્રિય રહેલી છે. મોદીની જાપાનની પ્રથમ બેઠકને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.મોદીએ થોડાક દિવસ પહેલા બ્રિક શિખર બેઠકમાં હાજરી આપવા માટે બ્રાઝિલ ગયા હતા અને ભુટાણ અને નેપાળ જેવા દેશોમાં પણ ગયા હતા. પરંતુ પ્રતમ વખત મોદી એક ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધારવનાર જાપાનની યાત્રાએ જઈ રહ્યા છે. જેથી તેમની સાથે મોટી સંખ્યામાં દેશના



ઉદ્યોગપતિઓ પણ જઈ રહ્યા છે.મોદીની સાથે જાપાન જનાર ઉદ્યોગપતિઓ અને કારોબારીની સંખ્યા ૫૦ જેટલી છે. મોદીની સાથે વેપારી પ્રતિનિધીમંડળમાં જે સભ્યો જનાર છે તેમાં મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, દિલિપ સંઘવી, અજીજ પ્રેમજી, ચંદા કોચર, શશી રૂઈયાનો પણ સમાવેશ થાય છે. અન્ય ટોચની હસ્તીઓ પણ મોદીની સાથે જનાર છે. જેથી મોદીની યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે ચે.

મોદીની યાત્રા દરમિયાન જુદા જુદા ક્ષેત્રોમાં વેપાર કારોબારને વધારવા માટેના પ્રશ્નો પર વાતચીત થશે. જાપાન અને બારત કેટલાક કરાર પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું હતું કે હાઈ સ્પીડ ટ્રેન અને બુલેટ ટ્રેનના પ્રશ્ને પણ વાતચીત કરવામાં આવનાર છે. મોદીની જાપાન યાત્રા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

# ઉદ્‌ઘાટન માટે સલમાને ૩.૫ કરોડની માંગ કરી

મુંબઈ,તા. ૨૬

બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાન હંમેશા સમાચારમાં રહે છે. હવે એવા અહેવાલ છે કે, લંડનમાં એક હોલના ઉદ્‌ઘાટન કરવા માટે સલમાન ખાને ૩.૫ કરોડ રૂપિયાની માંગ કરી છે. એક અગ્રણી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સલમાન ખાન બ્રિટનમાં મોટી સંખ્યામાં ભારતીય



ચાહકો ધરાવે છે. લંડનમાં રહેતા એક ભારતીય પરિવારે હોલના ઉદ્‌ઘાટન કરવા માટે સલમાન ખાનનો સંપર્ક કર્યો હતો. સલમાન ખાન લંડનમાં પહોંચે અને લોકોને મળે તથા હોલનું ઉદ્‌ઘાટન કરે તેવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ બે દિવસનો રહેશે. આયોજકોએ આગામી મહિના સુધી તમામ તૈયારી કરવાનો સંકેત આપ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સલમાન કાર્યક્રમના ભાગરુપે રાજી થઈ ગયો હતો પરંતુ ત્રણ કરોડ રૂપિયાની માંગ કરી હતી. સલમાન ખાન વ્યસ્ત હોવા છતાં આ કાર્યક્રમ માટે તૈયાર થયો હતો. સલમાને તેના સ્ટાફના પ્રવાસ અને રહેવા માટે ૫૦ લાખ રૂપિયાની માંગ કરી હતી. જો કે, સલમાન ખાનના પ્રવક્તાએ આ પ્રકારના અહેવાલને રદિયો આપ્યો છે અને કહ્યું છે કે, સલમાન ખાન દ્વારા આવી કોઈપણ માંગ કરવામાં આવી નથી. મિડિયામાં પ્રકાશિત અહેવાલ બિલકુલ આધારવગરના છે.

# બીએસએફને જવાબી કાર્યવાહીની મંજુરીથી પાકિસ્તાનને ફટકો

નવી દિલ્હી,તા. ૨૬

પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબારનો જોરદાર જવાબ આપવા માટે સરકારે સરહદ ઉપર તૈનાત સુરક્ષાદળોને મંજુરી આપી દીધી છે. આનું પરિણામ એ થયું છે કે છેલ્લા ૧૦ દિવસમાં જ પાકિસ્તાનને ભારે નુકશાનનો સામનો કરવો પડ્યો છે. છેલ્લા સમગ્ર એક વર્ષમાં જેટલું નુકશાન પાકિસ્તાનને થયું હતું તેટલું નુકશાન માત્ર ઓગસ્ટ મહિનામાં જ પાકિસ્તાનને થઈ ચુક્યું છે. ભારત તરફથી કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનમાં હજુ સુધી ૮ના મોત થઈ ચુક્યા છે. જેમાં સેનાના જવાન, તોયબાના આતંકવાદી અને નાગરીક સામેલ છે. બીજીબાજુ પાકિસ્તાનના ગોળીબારમાં હજુ સુધી બે ભારતીય નાગરીકોના મોત થયા છે. આંકડા પરથી આ બાબત સ્પષ્ટ થાય છે.

પાકિસ્તાની જવાનોએ છેલ્લા કેટલાક દિવસથી ભારતીય સરહદી ચોકીઓ અને ગામોમાં ગોળીબાર સતત જારી રાખ્યો છે. જેથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદીલી ઉભી થઈ છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૩માં પાકિસ્તાની જવાનોએ યુદ્ધવિરામનો ૩૪૭ વખત ભંગ કર્યો હતો. જ્યારે આ વર્ષે હજુ સુધી ૭૫ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન તરફથી વર્ષ ૨૦૧૪માં ઘુસણખોરીના ૫૦ પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. જે વર્ષ ૨૦૧૩માં ૨૭૭ પ્રયાસો થયા હતા. સરકારે જડબાતોડ જવાબી કાર્યવાહી કરવા માટે સેનાને સુચના આપ્યા બાદ પાકિસ્તાની પક્ષે વધારે ખુવારી થઈ છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૩માં પાકિસ્તાનના ચાર જવાનો માર્યા ગયા હતા. જ્યારે બે નાગરિકોના પણ ભારતની કાર્યવાહીમાં મોત થયા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૧૪માં ભારતની કાર્યવાહીમાં પાકિસ્તાનના ત્રણ જવાનો માર્યા ગયા છે. જ્યારે ત્રણ નાગરિકોના પણ મોત થયા છે. બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ભારતના પક્ષે સાવધાની વધી જતા વર્ષ ૨૦૧૪માં હજુ સુધી કોઈ જવાનનુ મોત થયું નથી. પાકિસ્તાનની કાર્યવાહીમાં બે નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. જો કે વર્ષ ૨૦૧૩માં ૧૨ ભારતીય જવાન શહીદ થયા હતા. એક નાગરિકનુ મોત થયું હતુ. આ વર્ષે ૧૬મી ઓગષ્ટના દિવસે ગોળીબારની શરૂઆત થયા બાદ પાકિસ્તાનના બે ડઝનથી વધારે લોકો ઘાયલ થયા છે. જેમાં ત્રાસવાદીઓ અને પાકિસ્તાની જવાનો સામેલ છે. ભારતે જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાનના ગોળીબારમાં બે નાગરિકો ગુમાવ્યા છે. પાકિસ્તાની સેના સતત ગોળીબાર કરીને ત્રાસવાદીઓને સરહદમાં ઘુસાડી દેવાના પ્રયાસમાં છે. જો કે ભારતીય જવાનોની સાવધાનીના લીધે પાકને સફળતા મળી નથી.

**એસબીઆઈ દ્વારા નિર્ણય કરાયો**

# ઉંચી હોમ લોન પર વ્યાજ દરમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૬

મેટ્રો શહેરોમાં વધુને વધુ લોન લેવા લોક આગળ આવે તેવા પ્રયાસરૂપે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ હોમ લોન ઉપર વ્યાજદરમાં આજે ઘટાડો કર્યો હતો. સુધરેલી લીક્વિડીટીની સ્થિતિમાં ૭૫ લાખથી ઉપરની હોમ લોન માટે વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. રેટમાં સુધારો કરવામાં આવ્યા બાદ એસબીઆઈ ૭૫ લાખથી ઉપરની હોમ લોન ઉપર ૧૦.૧૦ ટકા વ્યાજ લેશે. જે અગાઉ ૧૦.૩૦ ટકા હતો. પુરુષ ધિરાણદારો પાસેથી આ વ્યવસ્થા રહેશે. જ્યારે મહિલા લોન ધારક પાસેથી ૧૦.૧૫ ટકાના દરે હોમ લોનની ઓફર કરશે. ૭૫ લાખથી નીચેની લોન માટે પ્રવર્તમાન રેટ યથાવતરીતે જારી રહેશે. આજે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, એસબીઆઈનું કહેવું છે કે, બેંકે હોમ લોન ઉપર ઘટાડવામાં આવેલા વ્યાજદર ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. મહિલાઓ માટે અલગ વ્યાજ માળખુ બનાવવામાં આવ્યું છે. એસબીઆઈ દ્વારા હોમ લોનમાં ઘટાડો કરવામાં આવ્યા બાદથી અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# નિફ્ટી ૭,૯૦૦ની સપાટી મેળવવામાં ફરીવાર સફળ

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો. ભારે ઉથલપાથલ વચ્ચે પસંદગીના મેટલના શેરમાં રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી જ્યારે પાવરના શેરમાં મંદીનો દોર રહ્યો હતો. કોલસા બ્લોકની ફાળવણી અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પાવરના શેરમાં નુકસાનનો દોર જારી રહ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૬ પોઈન્ટ ઉછળીને ૨૬૪૪૩ની સપાટી રહ્યો હતો જ્યારે નિફ્ટી બે પોઈન્ટ ઘટીને ૭૯૦૫ની સપાટીએ રહ્યો હતો. ભારતીય રૂપિયો પણ આજે ઉથલપાથલ વચ્ચે જોવા મળ્યો હતો. મોટા એશિયન બજારમાં મંદી જોવા મળી હતી. મોટાભાગના ચીની શેરમાં ઘટાડો રહ્યો હતો. જાપાની શેરમાં ગઈકાલે તેજી રહ્યા બાદ આજે તેમાં મંદી જોવા મળી હતી. સોફ્ટબેંક જેવા શેરમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. કેપિટલ ગુડ્ઝ, પાવર, ઓઈન્ડ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. આમા ૦.૨-૧.૩ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. કોલસા બ્લોકની ફાળવણી અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ બજારમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. સુપ્રીમ કોર્ટે ગઈકાલે કોલસા બ્લોક ફાળવણી અંગે ચુકાદો આપતા કહ્યું હતું કે, યુપીએ સરકાર દરમિયાન કોલસા બ્લોકની ફાળવણીમાં માર્ગદર્શીકાનો ભંગ કરાયો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ બજારમાં તેની સીધી અસર જોવા મળી હતી. સેન્સેક્સ સોમવારે ૧૭ પોઈન્ટ ઉછળીને ૨૬૪૩૭ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેન્સેક્સ ૨૬૬૩૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી સોમવારે ૭ પોઈન્ટ ઘટીને ૭૯૦૬ની સપાટીએ રહ્યો હતો. મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬ અને ૦.૪ ટકાનો ઘટાડો ગઈકાલે રહ્યો હતો. ગઈકાલે દિવસ દરમિયાન જે શેરમાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળ્યો હતો.

# ભારતમાં એચઆઈવીગ્રસ્ત દર્દીઓ સામે મુશ્કેલી

ભારત દેશમાં જીવલેણ એચઆઈવીગ્રસ્ત દર્દીઓ માટેની સારવાર ખૂબ જ જટીલ બની છે. દિલ્હી અને મુંબઈમાં સૌથી માઠી અસર થઈ છે. કારણકે, સરકારી સેન્ટરોમાં કહેવાતી જીવનરક્ષક દવાઓનો પુરવઠો સતત ઘટી રહ્યો છે. ફર્સ્ટલાઈન, સેકન્ડ લાઈન અને પીડિયાટ્રીક એચઆઈવી દવાની સતત અછત ઉભી થઈ છે. આ ઉપરાંત જરૂરી ડાયગ્નોસ્ટીક કીટની પણ અછત ઉભી થઈ છે. જેથી સત્તાવાળાઓને નોટીસ ફટકારવાની જરૂર પડી છે. આ દવાઓના પુરવઠા અને પ્રાપ્તિમાં ખૂબ જ અંતર છે. દવા અને ટેસ્ટીંગની પ્રક્રિયા ઉપર માઠી અસર થઈ છે. એક તૃતીયાંશ કરતા વધુ અથવા તો ૭.૫ લાખ દર્દી આ વર્ષે જાહેર આરોગ્ય કાર્યક્રમમાં નોંધાયા છે. રિટેલ માર્કેટમાં ઉપલબ્ધ દવાઓ મોંઘી પડી રહી છે.

## સમાચાર ઝલક

- વોટસએપ યુઝર્સની સંખ્યા ૬૦ કરોડથી વધુ ૬ કરોડ ભારતીયો.
- રેલવે મોબાઈલ એપ્લિકેશનથી વપરાશકર્તાઓ નિરાશ.
- ક્રેડિટ કાર્ડ પેમેન્ટના નવા નિયમો બનાવશે રિઝર્વબેંક.
- જાપાને ઈબોલા તાવની પ્રાયોગિક દવા બનાવી.
- કેલિફોર્નિયામાં ૨૫ વર્ષમાં સૌથી ભયંકર ભૂકંપ : ૬૦૦૦ કરોડનું નુકશાન.
- ભારતીય સૈન્યના હાલના સીનીયર અધિકારીઓને વાસ્તવિક યુદ્ધનો અનુભવ નથી.
- બેંકોની રૂપિયા સાત લાખ કરોડની લોનો જોખમમાં.
- નવાઝ શરીફ ગાદી છોડે નહિ તો પાકિસ્તાનમાં રસ્તા રોકો આંદોલન-ઈમરાનખાન.
- ઈરાકે અણુમથકની જાસુસી કરનાર ડ્રોન વિમાનને તોડી પાડતા ઈઝરાયલને ફટકો.
- ૧૦ વર્ષમાં ડુંગળીની કિંમતમાં ૪ ગણો વધારો.
- ઈન્ફોસીસના સંસ્થાપક શીબુલાલ ૩૬ કરોડનું દાન કરશે.
- મુંબઈમાં ફિલ્મ નિર્માતા કરીમ મોરાનીના ઘર પર ગોળીબાર.
- મુંબઈના ભાજપના સાંસદશ્રી કીરીટ સૌમેયા પર પોલીસની કામગીરીમાં રૂકાવટ બદલનો કેસ કરાયો.
- વિશ્વની તુલનામાં આપણું ઉચ્ચ શિક્ષણ ઘણું નબળું : રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- દિવાળીનું બુકીંગ ખુલતાં જ લાંબા અંતરની ટ્રેનો હાઉસફુલ.
- ગીરમાં સિંહોના ગળા પર ઈમ્પોર્ટેડ રેડિયો કોલર લગાવાશે.
- ભારતીય બેડમિન્ટનની સાયના નેહવાલ અને શ્રી પી.વી. સિંધુ વર્લ્ડકપમાં ઝળકે તેવી શક્યતા.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

બંધનમાં એક અલૌકિક શાંતિ મળે છે, જે એકલતાની પીડાનો અહેસાસ થવા નથી દેતું. તેણે જરા સંકોચ સાથે કહ્યું.

'સ્ત્રીઓ પોતાનું સ્વચ્છેદ ઉડ્ડયન ભરવા કેમ ઇચ્છતી નહીં હોય?' તેણે જરા દંભના ભાવ સાથે કહ્યું.

'કદાચ આપણી પ્રાચીન સભ્યતા અને સંસ્કાર જેમાં આપણે સૌ મોટાં થયાં છીએ. પણ તમે કયા આધારે એ કહો છો.'

'તમે શું કરો છો?'

'થોડું લખું છું. લેખન એ આપણા જેવા મીતભાષી અને સંકોચશીલ સ્વભાવના લોકો માટે વ્યસ્ત રહેવાનું સરળ અને સુંદર સાધન છે.'

'સ્વતંત્ર રીતે જ લખો છો ને?'

ચહેરા પર જરાક કટાક્ષ અને પ્રશ્નવાચક સ્મિત સાથે ઉત્તરની પ્રતિક્ષા કરતી તેની આંખો એકી નજરે તેને જોઇ રહી હતી. ક્યાં સુધી પુરૂષો નારીને અસહાય સમજવાનો ભ્રમ રાખશે? કેમ તેની એકલતાને સમજવાની કોશિશ કરવાને બદલે બંધન સમજે છે. એ બધું સમજવાની કોશિષ કરતી એ થોડી પળો માટે મૌન રહી. તેની આ ચુપકીદીથી એ જરા વિચલીત થતો હોય તેમ લાગ્યું. સ્ત્રીઓની ચુપકીદીમાં અદ્‌ભૂત શક્તિ હોય છે. તેનું અનુમાન તેણે લગાવી લીધું હતું. તેથી બીજી જ પળે તેણે જરાક સ્મિત સાથે કહ્યું.

'ચાલો, કદાચ તમે એવું નહીં વિચારતો હો પણ મોટા ભાગની સ્ત્રીઓ એવી જ હોય છે.'

સરળ ભાવે તેણે પોતાના જ શબ્દોને રમડાતાં જોઇ તે ખિલખિલાટ હસી પડી. જેમાં એ પણ સામેલ થઇ ગયો. તે પછી ત્રણ દિવસની એકલતાના એ સંગાથી સાથે સારો એવો સંવાદ થતો રહ્યો.

બીજા દિવસે સવારના પોતાની પસંદગીના ગુલાબી રંગની સાડી પહેરી ફાલ્ગુની લોન પર ચમકતા સોનેરી તડકામાં નાસ્તો કરવા પહોંચી ત્યારે એ ત્યાં તેની રાહ જોતો હતો. તે હસીને બોલી.

'આ બાંધવા-બંધાવાના સ્વભામાંથી માણસ ક્યારે મુક્ત થશે?' બંનેના હાસ્યથી ખીણ ભરાઇ ગઇ.

નાસ્તો પુરો કરીને ફાલ્ગુનીએ ઘડિયાળ તરફ જોયું. એકલતાના સંગાથીની રજા લીધી. તેને પાછા જવાનો સમય થઇ ગયો.

- vanvihari @gmail.com

# કેરળના રાજ્યપાલ તરીકે શિલા દીક્ષિતનું રાજીનામુ

નવી દિલ્હી,તા. ૨૬

શિલા દીક્ષિતે કેરળના રાજ્યપાલ તરીકે આજે રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ આ વર્ષે મે મહિનામાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદથી રાજીનામુ આપનાર શિલા દીક્ષિત આઠમાં રાજ્યપાલ બન્યા છે. અગાઉની યુપીએ સરકાર દ્વારા નિમવામાં આવેલા આઠમાં રાજ્યપાલે રાજીનામુ આપ્યું છે. ૭૬ વર્ષીય શિલા દીક્ષિતે આજે કહ્યું હતું કે, તેઓએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને તેમનું રાજીનામુ સોંપી ચુક્યા છે. સોમવારના દિવસે શિલા દીક્ષિત કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ અને રાષ્ટ્રપતિ



પ્રણવ મુખરજીને મળ્યા હતા. રાષ્ટ્રપતિના સચિવે તેમનું રાજીનામુ જરૂરી પગલા માટે કેન્દ્રીય ગૃહમંત્રાલયને મોકલી દીધું છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, તેઓ રાજીનામુ આપી ચુક્યા છે. તેઓ ગઈકાલે જ રાજીનામુ આપી ચુક્યા છે. આ અંગે તેઓ વધુ ટિપ્પણી કરવા માંગતા નથી. રાજીનામાનો સ્વીકાર થયા બાદ જ આ સંદર્ભમાં વધુ પ્રતિક્રિયા આપશે. શિલા દીક્ષિતની સાથે જ આઠ રાજ્યપાલો એવા છે જે નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી રાજીનામુ આપી ચુક્યા છે. ૨૬મી મેના દિવસે મોદી સરકાર સત્તામાં આવી હતી. એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદથી છ યુપીએ દ્વારા નિમવામાં આવેલા રાજ્યપાલોએ રાજીનામા આપ્યા હતા જ્યોર મિઝરોમના રાજ્યપાલ પુરુષોથમને નાગાલેન્ડમાં બદલી કરાતા આ વર્ષે જુલાઈમાં રાજીનામુ આપ્યું હતું. શિલા દીક્ષિત ૧૯૯૮થી ૨૦૧૩ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. એવા સંકેત પણ છે કે, શિલા દીક્ષિતને મિઝોરમમાં મોકલવામાં આવનાર હતા. ૮૭ વર્ષીય બેનીવાલની એનડીએ સરકાર દ્વારા ગયા મહિનામાં જ હકાલપટ્ટી કરવામાં આવી હતી.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

પંદર મિનિટની માથાફાડ જાહેરાતો બાદ ત્રાસી ગયેલાં મંત્રી દેખવા લાગ્યા. ચોળાયેલા કપડાં અને ચહેરા પર સામે કોબ્રા ફેણ કાઢીને બેઠો હોય એવી ચિંતા. આ બધી પેલી છૂપા કેમેરાની કરામત?

'આ સમગ્ર પ્રકરણથી મારાં ઊંઘની પુરી વાટ લાગી ગઈ છે. ક્યાં આ કેન્દ્રમાં આવ્યો અને મંત્રી બન્યો એવું લાગવા માંડ્યું છે. વ્યક્તિ સ્વાતંત્ર્યની શું વાતો કરવાની? અરે, એમને અમારાં જ ઘરમાં ન ગમનારી દાળઢોકળી પર પ્રતિક્રિયા વ્યક્ત કરવાની બંદી છે? હું આ આખી ઘટનાની રજૂઆત વડાપ્રધાનને રૂબરૂ મળી કરવાનો છું અને આખો દેખા હાલ આપવાનો છું.'

'પણ મિસ્ટર મંત્રી વડાપ્રધાને ઘરે બેસીને તમારાં બધા હાલ હવાલ જોઈ જ લીધાં છે. અને એ પણ લાઈવ' બકબકીઓ રિપોર્ટર એનું જ્ઞાન પ્રકટ કર્યું.

'મને ખબર છે. હું સંરક્ષણ મંત્રી હોત તો પાકિસ્તાન પર શંકા વ્યક્ત કરી હોત. વિદેશમંત્રી હોત તો ઓબામાનો હાથ છે એવું કીધું હોત. પણ હું તો આ બંને ખાતાનો મંત્રી નથી તો મારા પર આટલી જાસૂસી કોણ કરતું હશે, સમજાતું નથી.'

મંત્રીનો ઈન્ટરવ્યુ ચાલતો હતો ને અને એક કર્મચારી ખુશીથી દોડતો દોડતો આવ્યો અને મંત્રીને બોલ્યો, 'સાહેબ પ્રોબ્લેમ સૉલ્વ થઈ ગયો. હવે તમે બિન્ધાસ્ત રહો. હવેથી તમારે કેમેરાની બીક રાખવાની નજર નથી.'

'શું જાદું કર્યો તમે? કોણે ફીટ કર્યા હતાં કેમેરા? જલદી એનું નામ કહો. હું હમણાં જ પીએમ સાહેબને એની ફરિયાદ કરું છું. સંબંધિત વ્યક્તિઓને કડકમાં કડક શિક્ષા કરવાની એમને વિનંતી કરું છું.'

'સાહેબ શાંત થઈ જાય. આવું કશું જ બન્યું નથી. કોઈ જાસૂસ આપણાં ઘરમાં ઘુસ્યો નથી. બંગલાની બહાર લગાડવામાં આવેલા કેમેરા પર વાંદરાઓએ કુદકાં મારતા એમનો એન્ગલ ચેન્જ થઈ ગયો અને એટલે બહારની વ્યક્તિઓનું ધ્યાન રાખવા લગાડેલાં કેમેરા ઘરની ઘટનાઓનું ટેલિકાસ્ટ કરવા લાગી. એટલું જ હવે જલદી ઘરમાં ચાલો. બટાટાવડાં તમારી રાજ જૂએ છે.'

**ચૂંટલો :**

ક્યારેક નાની અમથી ગફલત મજાકનું કે ચિંતાનું કારણ બની જતી હોય છે અને સૌ રઘવાયાં થઈ બબાલો અને બખેડાં કરવા લાગે છે. શાંતિથી સંશોધન કરે તો ફજેતીમાંથી બચી શકાય.